## CC- 1745-1999

## આંક ૧ ફરીયાદ લગત હુકમ..........

વંચાણે લીધો: આંક– ૦૮થી આ કામના આરોપી નં. ૧,૩,૪ અને ૫ નાઓએ ગુનો કબુલ કરેલ છે તથા આ કામના આરોપી નં. ૨ મળી આવતા નથી.

સદર કામના ફરીયાદીનુ આંક– ૦૯ થી મરણ નો દાખલો રજુ છે તેમજ આ કામના જામીનદાર મળી આવતા નથી.

૧) સાંભળ્યા...

૨) આ કામે આરોપી નં.૨ મળી આવતા ન હોવાથી લાંબા સમયના પ્રયાસો તથા સદરહુ રેલ્વેનો જે કેસ છે તેમા કોર્ટે તથા પ્રોસીકયુશન એજન્સીએ આ ખાનગી ફરિયાદમાં વારંવાર આરોપી હાજર રખાવવા માટે પૂરતા પ્રયાસો કરેલ હોવાનું રેકર્ડના રોજનામા પરથી જણાઈ આવે છે. હાલ ટૂંક સમયમાં વધુ પ્રયાસો કરવાથી પણ આરોપી ફરીથી મળી આવવાની કોઈ શકયતા નથી જે સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. બીજા રાજય કે બીજા જિલ્લાના / અમદાવાદના આરોપીઓ છે અને આ ખાનગી ફરિયાદ રેલ્વે અંગેનો કેસ હોય આરોપીઓને મળી આવવાની શકયતા શુન્ય અથવા નહિવત છે.

૩) આ કામે આ ખાનગી ફરિયાદનો કેસ રેલ્વે અંગેનો છે તેથી રેલ્વેને આ કેસ કમ્પાઉન્ડ કરવાની સત્તા છે. વળી આરોપીના ગેરહાજર રહેવાથી ફરિયાદી મરણ ગયેલ છે. આ કામે સી.આર.પી.સી ૨૪૯ ની જોગવાઈઓ નીચે મુજબ છે.

249. Absence of complainant:
When the proceedings have been instituted upon complaint, and on any day fixed for the hearing of the case, the complainant is absent, and the offence may be lawfully compounded or is not a cognizable offence, the Magistrate may, in his discretion, notwithstanding anything hereinbefore contained, at any time before the charge has been framed, discharge the accused.

ઉપરોકત ગુનો જોતા તથા આર.પી.યુ.પી એકટની કલમ ૫ જોતા તથા રેલ્વે એકટ ૧૯૮૯ ની જોગવાઈઓ જોતા આ ગુનો નોન–કોગ્નીઝેબલ છે તથા રેલ્વે એકટનો પરિપત્ર નંબર 2019/SEC/(CR)/45/16/MALKHANA(PT) તા. ૧૧/૮/૨૧ નું નોટિફિકેશન જોતા આવા ગુનામાં પણ કમ્પાઉન્ડેબલ છે તથા સમાધાન કરી શકાય તેમ છે. જેથી ઉપરોકત કલમ ૨૪૯ મુજબ આ કેસ ચાર્જ પણ થયેલ ન હોવાથી આરોપીનાઓને ડિસચાર્જ કરી શકાય તેમ છે.

૪) આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય જસ્ટીસ પારડીવાલા સાહેબના જજમેન્ટ JAGDISH TULSIDAS KARIYA VS. STATE OF GUJARAT 2018, (3) GLR 2089 DF\ H6FJ[, l;wWF\T D]HA The applicability of Sec. 249 of Cr.P.C. is excluded only in cases where, atleast, any one of the offences is both cognizable and non-compoundable. Section 256 of Cr.P.C. applies to all the offences triable as summons cases on complaint while Sec. 249 of Cr.P.C. applies to the complaints for the offences triable as warrant cases as are either compoundable or non-cognizable. (Para 19 ) જેથી હાલના કેસમાં સી.આર.પી.સી ૨૪૯ મુજબ ફરિયાદીની ગેરહાજરીના કારણે પણ તથા ચાર્જ થયેલ ન હોવાથી તેથી ગુનો સમાધાનપાત્ર તથા નોન–કોગ્નીઝેબલ હોવાથી સદરહુ કેસ ડિસચાર્જથી ફેંસલ થઈ શકે તેમ છે. સદરહુ કેસ પાંચ વર્ષથી જુનો કેસ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૧૭ ના પરિપત્ર તથા નામદાર સુપ્રિમકોર્ટના Hussain Vs Union of

India ના જજમેન્ટમાં પાંચ વર્ષ જુના કેસ સત્વરે ફેંસલ કરવાનું ડાયરેકશન છે તેથી હાલના કેસમાં આ કેસ ફેંસલ કરવો ન્યાયોચિત છે તેથી નીચે મુજબનો હુકમ
કરવામાં આવે છે.

## **હુકમ**

૧) આરોપીના(ઓ)ને સી.આર.પી.સી – ૨૪૯ મુજબ રેલ્વે અનલોકુલ પઝેશન એકટ RPUP ACT 3ના કામે ફરિયાદીની ગેરહાજરી તથા નોન–કોગ્નીઝેબલ ગુનો તેમજ સમાધાનપાત્ર તથા ખાનગી ફરિયાદ નોન કોગ્નીઝેબલ આરોપીનાઓને ડિસચાર્જ કરવામાં આવે છે.

૨) સદરહુ કેસમાં સી.આર.પીસી૧૯૭૩ ની ક. ૩૦૦ નો બાદ લાગુ પડશે નહી.

આ કામે મુદામાલ નો હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે જો હુકમ કરવામાં આવેલ ના હોય તો તે મુદામાલ જેતે રેલ્વે વિભાગ ને પરત કરવાનો હુકમ કરવામાં આવે છ.

આજરોજ વાંચી સંભળાવીને જાહેર કર્યો.

**તરીખ : ૦૯/૩/૨૦૨૪**
**અમદાવાદ.**

**(કુ.શબાના અબ્દુલકાદર મન્સુરી)**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૭, અમદાવાદ**
**કોડ નં. જીજે૦૧૦૨૪**